# સાબરકાંઠાની પાંચ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું પરિણામ જાહેર

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાની પાંચ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી ગત રવિવારે યોજાઈ હતી. ત્યારબાદ તેની મત ગણતરી મંગળવારે હિંમતનગર, વડાલી અને તલોદ તાલુકા મથક ખાતે યોજાઈ હતી. જેમાં જે પંચાયતની ચૂંટણી યોજાઈ હતી તે ગામના મતદારોએ હાજર રહી વિજેતા ઉમેદવારને બિરદાવ્યા હતા તથા વિજય સરઘસ કાઢ્યુ હતુ. એકંદરે મત ગણતરી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

આ અંગે ચૂંટણી વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જે પાંચ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી તેમાં હિંમતનગર તાલુકાની બામણાં, તલોદ તાલુકાની પનાપુર અને બડોદરા તથા વડાલી તાલુકાની મહોર અને વરતોલ પંચાયતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૯૯ વોર્ડની પણ ચૂંટણી થઈ હતી અને તેનુ પરીણામ પણ મંગળવારે જાહેર થયુ હતુ.

પરીણામ જાહેર થયા બાદ બામણા પંચાયત સરપંચ તરીકે રાજેન્દ્રસિંહ જોધ્ધાને ૬૭૪ મત મળતા તેમને વિજયી જાહેર કરાયા હતા. તે જ પ્રમાણે વડાલી તાલુકાની વરતોલ પંચાયતની સરપંચ તરીકે પ્રકાશભાઈ પટેલને તેમને પ્રતિસ્પર્ધી કરતા વધુ ૨૩૦ મત મળતા તેઓ વિજયી બન્યા હતા. તથા મહોરના સરપંચ તરીકે પરબતસિંહ ઠાકોરનો ૮૩૯ મતે વિજયી થયો હતો.

તલોદ તાલુકાની વાત કરીએ તો બડોદરા પંચાયતના સરપંચ તરીકે કલ્યાણસિંહ ઝાલા વિજયી બન્યા છે. પરીણામ જાહેર થયા બાદ વિજેતા સરપંચોએ પોતાના ગામમાં જઈને વિજયોત્સવ મનાવ્યો હતો. એકંદરે પાંચેય ગામોમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બનતા પોલીસતંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

# ધનસુરા તાલુકાની આકરુન્દ ગ્રામ પંચાયતમાં સરપંચ પદે લલીતાબેન મણીભાઈ પટેલનો વિજય

ધનસુરા, તા. ૧૮

ધનસુરા તાલુકાની આકરુન્દ ગ્રામ પંચાયત મા સરપંચ પદે અને વોર્ડના પરિણામ જાહેર કરવામા આવ્યા હતા.

આકરુન્દ ગ્રામ પંચાયતમાં ધનસુરા હાઈસ્કૂલ ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી. ૧૬ તારીખના રોજ યોજાયેલ ગ્રામ



લલીતાબેન મણીભાઈ પટેલનો વિજય થયો હતો. અરવલ્લી જિલ્લામાં છ ગ્રામ પંચાયતોના પરિણામ જાહેર કરાયા હતા. જેમાં આકરુન્દ ગ્રામ પંચાયતના સરપંચ વિજેતા થયેલ લલીતાબેન મણીભાઈ પટેલને ૧૨૪૩ મત મળ્યા હતા. જયારે નીરૂબેન પટેલને ૧૦૯૯ મત મળ્યા હતા. ચુસ્ત પોલીસ બંધોબસ્ત સાથે પંચાયતની ચૂંટણીનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થવાનું હોઈ મતદાન કેન્દ્રોની બહાર સવારથી લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# પ્રાંતિજમાં બેટરીઓ ચોરોનો તરખાટ

## અવાર-નવાર બેટરી તથા વાહનોની ચોરી પોલીસ ઘોર નિંદ્રામા : રાત્રી દરમિયાન પાર્ક કરેલ ચાર વાહનોમાંથી બેટરીની ચોરી

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સિદ્ધિ વિનાયક કોપ્લેસ માંથી રાત્રીના ના સમયે બેટરી ચોર ગેંગ દ્વારા ચાર વાહનો માંથી બેટરી ની ચોરી કરી લઈ ગયાં. પ્રાંતિજ મા હાલ બેટરી ચોર ગેંગ દ્વારા પ્રાંતિજ સહિત તાલુકા માં એક પછી એક જગ્યાએ તરખાટ મચાવ્યો છે તો ગઈ રાત્રી એ પણ પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર આવેલ સિદ્ધિ વિનાયકમાં એક આઈવાની ૨ બેટરી ,એક ટાટા આઈશરની એક બેટરી અને ટેક્ટરની એક બેટરી ની એમ કુલ ચાર બેટરીઓ કોઈ અજાણ્યા બેટરી ચોર ગેંગ દ્વારા બેટરી ઓની ચોરી કરવામાં આવી હતી.આવા બનાવો વારંવાર બનતા ખેડૂતો અને નગરજનો માં ભયનો માહોલ વ્યાપીયો છે. અને પોલીસ વધુ પેટોલીગ કરે તેવી માંગ પણ હાલતો ઉઠવા પામી છે.

# મોડાસાના વાંટડા ગામે પાણીની ગંભીર સમસ્યા

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જીલ્લામાં ચોમાસુ દસ્તક લઈ રહ્યું છે. વહીવટી તંત્રના હલ ના થતા નઘરોળ તંત્રને જગાડવા ગામની મહિલાઓએ અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરી અપનાવી રોષ ઠાલવી રહ્યા છે.

મોડાસા તાલુકાના વાંટડા ગામે ૩ હજાર જેટલા લોકો વસવાટ



સબ સલામતના પોકળ દાવાઓ વચ્ચે અંતરિયાળ વિસ્તારો સહીત મોડાસા તાલુકાના ગ્રામજનો પણ પીવાના પાણી માટે વલખા મારવા પડતાં હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

મોડાસા તાલુકાના વાંટડા ગામે ૬ મહિનાથી પાણી માટે ભારે રઝળપાટ કરવો પડી રહ્યો હોવાથી જવાબદાર તંત્રમાં અનેકવાર રજુઆત કરવા છતાં પાણીનો પ્રશ્ન વિરોધ નોંધાવી પાણીની સમસ્યા ઝડપથી હલ કરવા ઉગ્ર માંગ કરી હતી.

ભાજપના રાજમાં અધિકારીઓ પ્રજાજનોની વાત “કહેતા ભી દીવાના અને સુનતા ભી દીવાના” કહેવતની જેમ ગણકારતા ન હોવાથી પ્રજાજનો વહીવટી તંત્ર અને જવાબદાર તંત્રને ઘોર નિંદ્રામાંથી બહાર લાવવા આક્રોશરૂપી નિતનવા નુસ્ખા કરી રહ્યા છે છેલ્લા ૬ મહિનાથી પાણીની સમસ્યા ગંભીર બનતા પાણીની સમસ્યાથી પીડાતી મહિલાઓએ ગામમાં એકઠા થઈ જવાબદાર તંત્રના છાજીયા લઈ, પાણીના શોભાના ગાંઠિયા સમાન બની રહેલ સંપ નજીક માટલા ફોડી વિરોધ નોંધાવી ભગવાનનું શરણ લઈ રામધૂન બોલાવી જવાબદાર તંત્રને વ્યથા અંગે જગાડવા પ્રયત્ન કર્યો હતો.

# હિંમતનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા મળી

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર તાલુકા પંચાયતની મંગળવારે મળેલી સામાન્ય સભામાં સત્તાધારી પક્ષે ઐતિહાસીક નિર્ણય લઈને તલોદ તાલુકાના તખતગઢ ગામને ગ્રામજનોની મંજુરીથી હિંમતનગર તાલુકામાં સમાવાયુ છે. જયારે હિંમતનગર તાલુકાના આડાહાથરોલ ગ્રુપ ગ્રામ પંચાયતના ગામના પેટાપરમાં રહેતા લોકોને ભીલોડા તાલુકામાં જવુ હતુ. પરંતુ બાકીના ગામોને હિંમતનગર તાલુકામાં રહેવુ હતુ. જેથી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં આડાહાથરોલ ગ્રુપ ગ્રામ પંચાયતને ભીલોડા તાલુકામાં સમાવવાની માંગ પર પૂર્ણવિરામ મુકી દેવાયુ હતુ. સામાન્ય સભામાં જો પાચ ઈંચથી વધુ વરસાદ થાય અને કોઈ પશુનુ તથા ખેડૂતનું મૃત્યુ થાય તો ૨૪ કલાકમાં સહાય ચુકવવાનો નિર્ણય કરાયો છે.

આ અંગે તાલુકા પંચાયતના સદસ્ય રવિન્દ્રસિંહ ચાવડા તથા તાલુકા વિકાસ અધિકારી અરવિંદભાઈ પટેલના સભાના જણાવાયા મુજબ સામાન્ય સભામાં એજન્ડાના ૬ કામો સુચવાયા હતા. જેમાં એજન્ડા નંબર ૪માં સુચવાયેલ આડાહાથરોલ ગ્રુપ ગ્રામ પંચાયતના હરીપુરા અને હરીપુરા મઠ તથા મેડીટીંબાના રહીશોને ભીલોડા તાલુકામાં જવુ છે. પરંતુ તેના માટે આડાહાથરોલ પંચાયત વિસ્તારમાં આવતા લોકો ભીલોડા તાલુકામાં જવા તૈયાર નથી. તેમ છતાં આડાહાથરોલ પંચાયતના પેટાપરાના લોકોએ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં એજન્ડા મુકાવ્યો હતો. તો બીજી તરફ આડાહાથરોલ પંચાયતે વિરોધનો ઠરાવ કરી રજુ કરતા આખરે આડાહાથરોલના પેટાપરાના અંદાજે ૮૦૦થી વધુ મતદારોની આશા નિરાશામાં પરીણમી છે.

તખતગઢની વાત કરીએ તો તલોદ તાલુકાનુ આ ગામ તલોદથી ૩૫ કિમી દુર આવેલુ છે. જે હિંમતનગરથી ફક્ત ૧૫ કિમી દુર છે. ગ્રામજનોએ સરકારી કામ માટે ૩૫ કિમી દુર ન જવુ પડે તે માટે પંચાયતે ગ્રામજનોના સહકારથી ગ્રામસભામાં ઠરાવ કરી હિંમતનગર તાલુકામાં જવા માટે તલોદ તાલુકા પંચાયત પાસે પરવાનગી માંગી હતી.

# ખેડબ્રહ્માની જાનકી સોસાયટીમાં ગંદુ પાણી પીવા રહીશો મજબૂર, ચીફ ઓફિસરને રજુઆત પરીણામ શૂન્ય

## ગટરમાંથી પસાર થતી પાણીની પાઇપલાઇનના લીકેજના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્માની જાનકી સોસાયટીમાં પાલિકાના પાણીના નળમા ગંદુ પાણી આવતું હોવાની બૂમ ઉઠવા પામી છે. ઘણા લાંબા સમયથી ચોમાસામા આ સમસ્યાનો સામનો કરી રહેલા રહીશોની ફરિયાદ કોઈ સાંભળવા તૈયાર નથી. ગટરમાંથી જ પાણી પાઈપલાઈન પસાર થતી હોય તેમાના લીકેજના કારણે સોસાયટીમાં નળમાં ગંદુ પાણી આવે છે. આ ગંદા પાણીના કારણે રહીશોમાં રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. આ સમસ્યાનો કાયમી નિકાલ કરવામાં નહીં આવે તો રહીશોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. સ્થાનિક લોકોનું જણાવ્યાં અનુસાર રેઢીયાળ નગરપાલિકામાં કોઈ સાંભળતું નથી.

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં આરાધના સિનેમા પાસેના ગરનાળમાંથી ગંદા પાણીનો નિકાલ માથાના દુખાવો સાબિત થઈ રહ્યો



છે. આરાધના સિનેમા પાછળની જાનકી સોસાયટીના રહીશ જશવંતસિંહ દેવડા સહિત અન્યના જણાવ્યા અનુસાર આરાધના સિનેમા પાસેના ગરનાળાના ગટરના ગંદા પાણીમાંથી પાલિકાની પાણીની પાઈપલાઈન પસાર થાય છે. આ પાઈપલાઈન વર્ષોથી લીકેજ છે. ચોમાસા દરમિયાન આ લીકેજમા ગટરનું પાણી પાઈપલાઈનથી લોકોના ઘરના નળમા પહોંચે છે. પાલિકામાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી અને રહીશોને ગંદુ પાણી વાપરવા મજબૂર થવું પડે છે. આ ગંદા પાણીના કારણે જાનકી સોસાયટીના રહીશોમાં રોગચાળો ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે. રહીશોના જણાવ્યા અનુસાર આ સોસાયટીમાં પાલિકાના સદસ્ય બનાબા દેવડા નું પણ ઘર આવેલું છે તેમ છતાં પાલિકાના પેટનું પાણી હાલતું નથી. આ પાણીના પાઈપલાઈનનું લીકેજ સત્વરે બંધ કરી શુદ્ધ પાણી સોસાયટીને આપવામા નહીં આવે તો રહીશોએ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# ગબ્બર ખાતે ભિક્ષાવૃતિ કરતા લોકોને અનાજની કીટો અપાઈ

શક્તિ - ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત ધામ અંબાજી ,આ ધામ ગુજરાત અને રાજસ્થાન ની સરહદ પર અરાવલી પહાડો મા વસેલું તીર્થ



સ્થળ છે આ ધામ આરાસુર ના પહાડો માં આવેલું હોઈ અહીં લોકો મોટાભાગે પહાડો મા વસવાટ કરે છે ત્યારે અંબાજી થી ૩ કિમી દૂર આવેલા ગબ્બર પર્વત ની તળેટી મા ગરીબી રેખા નીચે જીવતા અને ગબ્બર દર્શન કરવા આવતા માઈ ભક્તો પાસે થી ભિક્ષાવૃતિ કરતા આવા પરીવારો ખુબજ દયનીય હાલત મા રહે છે ત્યારે આજે અંબાજી ખાતે યોજાયેલા કાર્યક્ર્મ મા આ ભિક્ષાવૃતિ કરતા પરીવારો ને માર્ગ સેવા સંસ્થાન અને અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી અનાજ ની કીટો આપવામાં આવી હતી.

આજે યોજાયેલા કાર્યક્રમ મા બનાસકાંઠા ના જિલ્લા વિકાસ અધિકારી હાજર રહ્યા હતા સાથે ઉષાબેન અગ્રવાલ પણ અમદાવાદ થી ખાસ આવ્યા હતા આ અગાઉ પણ ઉષાબેન અગ્રવાલ તરફથી ગબ્બર ખાતે ભિક્ષાવૃતિ કરતા ગરીબ આદિવાસી બાળકો અને કન્યાઓ માટે વિના મુલ્યે અભ્યાસ ની સુવિધા પણ આપવામાં આવી છે આજે ગબ્બર ના ભિક્ષુક પરિવારો ના બાળકો ને પણ ફૂટ અને ચોકલેટ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ.



**કુંભારીયા ગ્રામ પંચાયત સરપંચની પેટા ચૂંટણીમાં ગોવાભાઈ જુમાભાઈનો વિજય**

આજે કુંભારીયા ગ્રામ પંચાયત સરપંચની પેટા ચૂંટણીમાં આજે આવેલા પરિણામોમાં ગોવાભાઈ જુમાભાઈ ૨૫૦ વોટ થી વિજેતા થયા હતા થોડા સમય પહેલા કુંભારીયા ગ્રામ પંચાયતના સરપંચ બીમારીના કારણે મૃત્યુ પામ્યા હતા રવિવારે યોજાયેલી ચૂંટણીમાં સરપંચ ના ત્રણ ઉમેદવારો ઉભા હતા જેમાં યુવાન અને ઉત્સાહી ગોવાભાઈ આજે વિજેતા થતા ,ચૂંટણી પરિણામ આવતા કુંભારીયા ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો જુમાભાઈ કુંભારીયા ગામમાં ગરીબ પરિવારના પડખે ઊભા રહે છે અને આ કારણે જ તેમના પુત્ર સરપંચની ચૂંટણીમાં વિજેતા થયેલ છે આમ પ્રથમવાર એવું જોવા મળશે કે દીકરો સરપંચ અને પિતા સભ્ય

# ડીસાના ગેનાજી ગોળીયાના યુવકે ટ્રેન નીચે કુદી જિંદગી ટૂંકાવી : અરેરાટી

બનાસકાંઠાના ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગામના માળી યુવકે રેલવે નીચે પડતું મૂકી જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી ગઈ છે. યુવકની લાશને પી.એમ. અર્થે ડીસા સિવિલમાં ખસેડી આગળની કાર્યવાહી હાયહ ધરાઈ છે.

ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગામનો ૨૧ વર્ષીય યુવક હિતેશભાઈ વનસાજી માળી મંગળવારે વહેલી સવારે ડીસા- જુનાડીસા વચ્ચેના રેલવે ફાટક પાસેથી મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી હતી. ડીસા-જુનાડીસા રોડ પર આવેલી રેલ્વે ફાટક નજીક ટ્રેન પસાર થઈ રહી હતી.એ વખતે કોઈ અગમ્ય કારણોસર હિતેશ માળીએ ટ્રેન નીચે પડતું મૂકી જીવન લીલા સંકેલી દીધી હતી.આ બનાવના પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા.આ બાબતની જાણ થતા રેલવે પોલીસ તેમજ સ્થાનિક પોલીસે પણ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક હિતેશ માળીના મૃતદેહને પી.એમ અર્થે ડીસા સિવિલમાં ખસેડવામાં આવી હતી.બનાવની જાણ પરિવારજનો તેમજ સમાજના લોકો પી. એમ. રૂમ પર ઉમટી પડયા હતા.જોકે હિતેશ માળીએ આવુ પગલું કેમ ભર્યું તેનું કોઈ કારણ જાણી શકાયું નથી.

# પ્રાંતિજમાં કરીયાણાના વેપારી પર જીવલેણ હુમલો

## વેપારીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બજારમાં વેપારી અને મંજુર વચ્ચે કટ્ટા ઉતારવાની મંજુરીના પૈસાને મામલે વેપારી અને મંજુર વચ્ચે બોલાચાલી તથા ઝપાઝપી થઈ હતી તો મજુર દ્વારા પાસે રહેલ મંજુરી કામનો લોખંડનો આંકડો વેપારીના માથાના ભાગે મારી વેપારીને ગંભીર ઈજાઓ પહોંચાડતા વેપારીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો.

પ્રાંતિજ બજાર હજામચોરા વિસ્તારમાં આવેલ રાધેશ્યામ કિરીણા સ્ટોર્સના માલિક દ્વારા અનાજના કટ્ટાની આવેલ ગાડીમાંથી કટ્ટા ઉતારવા બાબતે રકજક થઈ હતી અને વેપારી સાથે કટ્ટા ઉતારવાની મંજુરી પણ



નકકી થઈ હતી તો ગાડી આવતા મજુર દ્વારા નક્કી થયેલ મજુરીમાંથી ફરી જતાં રાધેશ્યામ કિરીણા સ્ટોર્સના વેપારી હરેશભાઈ મોદી અને મંજુર વચ્ચે બોલાચાલી થઈ હતી. તો મજુર દ્વારા વેપારીને બિભસ્ત ગાળો બોલી વેપારી ઉપર મજુર દ્વારા મજુરી માટે રાખવામાં આવેલ લોખંડનો આંકડાથી ભારી જીવલેણ હુમલો કરતા વેપારીને પહેલા પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામા આવ્યા હતાં અને વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ ખાતે લઈ જવામા આવ્યાં હતા. તો વેપારીને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ અને ખોપડી ચિરાઈ જતા વેપારીને માથાના ભાગે ૧૫ ટાંકા આવ્યા હતાં.

# પ્રાંતિજ ખાતે નગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નગરપાલિકામા ચુંટાયેલા સભ્યોની સામાન્ય સભા યોજાઇ હતી જેમાં પાર્ટી ના વ્હીપ મુજબ સર્વાણુંમત્તે કારોબારી તથા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ભાજપ શાસિત નગરપાલિકા ના વિશાળ સભાખંડમાં સાબરકાંઠા જિલ્લા ભાજપ ના વી.એન.રાવલ, ભાજપ શહેર વિજયભાઈ પટેલ તથા નગરપાલિકા ના પ્રમુખ ગીતાબેન પટેલ તથા ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ ની ઉપસ્થિતિ માં ભારતીય જનતા પાર્ટી ની વ્હીપ મુજબ કારોબારી તેમજ નગર પાલિકા ની વિવિધ સમિતિઓની રચના



કરવામાં આવી હતી જેમાં કારોબારી સમિતિ ના ચેરમેન પદે કોકીલાબેન વિજયભાઈ પટેલ ને રીપીટ કરવામાં આવ્યા હતા , જાહેરબાંધકામ સમિતિ ના ચેરમેન પદે અરવિંદભાઈ કાળીદાસ પરમાર , નગરઆયોજનસમિતિ ના ચેરમેન ગીતાબેન બિપીનભાઈ ભાઈ સોની પટેલ , પાણી પુરવઠા સમિતિ ના ચેરમેન પદે ધવલભાઈ ભાસ્કરભાઈ રાવલ , આરોગ્ય સમિતિ ના ચેરમેન પદે મહેબુબ ભાઈ બલોચ , દિવાબતી સમિતિ ના ચેરમેન પદે ગોવિદસિંહ કેસરીસિંહ પરમાર , ગટર યોજના સમિતિ ચેરમેન પદે દિપકભાઈ હસમુખ ભાઈ કડીયા , ટાઉનહોલ સમિતિ રાજેશ કુમાર રતિલાલ ટેકવાણી , એસ્ટાબ્લીશમેન્ટ સમિતિ ના ચેરમેન પદે ગીતાબેન સંજય ભાઈ પટેલ (પ્રમુખ), ગુમાસ્તા ધારા સમિતિ ચેરમેન પદે સીતાબેન ધુળાજી વણઝારા , સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના સમિતિ ના ચેરમેન પદે રીટાબેન દિલીપભાઈ રાઠોડ , સ્વચ્છ ભારત અભિયાન સમિતિ ચેરમેન પદે દક્ષાબેન જીતેન્દ્રસિંહ મકવાણા , વસુલાત સમિતિના ચેરમેન પદે શિલ્પાબેન મહેશસિંહ મકવાણા , સમાજ કલ્યાણ સમિતિ ના ચેરમેન પદે અરવિંદભાઈ કાલીદાસ પરમાર , શિક્ષણ સમિતિ ના ચેરમેન પદે દિલીપભાઈ પશાભાઈ રાવળ , ફાયર એમ્બ્યુલન્સ સ્મશાન સમિતિ ના ચેરમેન જગદીશભાઈ લછુમલ કિંમતાણી , બગીચા સમિતિ ના ચેરમેન પદે મોજી બેન લાલુભાઈ દેસાઈ , પ્રધાન મંત્રી આવાસ યોજાયો સમિતિ ચેરમેન પદે જશોદાબેન નટવરસિંહ રાઠોડ ની સર્વાનુમતે પાર્ટી ના વ્હીપ મુજબ કરવામાં આવી હતી.

# માહિતી અને પ્રસારણ ખાતાના ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલય, પાલનપુર દ્વારા વિશ્વ યોગ દિનને અનુલક્ષી વિશેષ જનસંપર્ક કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના ટેકનીકલ વિદ્યાલય, પાલનપુર ખાતે ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલય, પાલનપુર દ્વારા યોગ વિશે લોકજાગૃતિ વધારવા આંતરરાષ્ટ્રીય યોગ દિનના અગ્રિમ પ્રચારના ભાગરૂપે વિશેષ જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્ષેત્રિય લોકસંપર્ક કાર્યાલય પાલનપુર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં યોગ સંસ્થાનોના અનુભવી યુવા યોગાચાર્યો દ્વારા શાળાના બાળકો તથા શહેરના યુવાનો અને શિક્ષકોને યોગાસનો, પ્રાણાયામનો અભ્યાસ કરાવવામા આવ્યો હતો. એની સાથે ભારતની ભાવિ યુવાપેઢીના ભવિષ્યને યોગના માધ્યમથી ઉજ્જવળ બાનાવવાનો સંકલ્પ લેવામા આવ્યો હતો. યુવા યોગ એક્સપર્ટ દ્વારા પોતાના સફળ જીવનમાં યોગ દ્વારા મેળવેલી સિદ્ધિઓના અનુભવો વર્ણવ્યા હતા.

‘કરો યોગ રહો નિરોગ’ના સૂત્રને સાર્થક કરવા તથા આ સહિયારા પ્રયાસમાં નહેરુ યુવા કેન્દ્ર પાલનપુરના યુવા કો-ઓર્ડીનેટર, સંસ્થાના અધ્યાપકો અને પાલનપુરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શ્રીશ્રી ફાઉન્ડેશનમાંથી યુવા યોગા એક્સપર્ટ હર્શિલભાઈ પ્રજાપતિ, સુસ્મિતભાઈ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ભારત સરકાર દ્વારા દેશના તથા વિશ્વના લોકોના આરોગ્ય અને સ્વસ્થ તંદુરસ્ત જીવન માટે ભારતીય પરંપરા ‘વસુધૈવ કુટુંમ્બકમ’ની ભાવનાને યોગના માધ્યમથી સાકાર કરાયો હતો.